
# છાપા વેચતો છોકરો

— રવજીભાઈ કાચા

વાત છે નવ ઑગષ્ટ ૧૯૩૯ની. ચીન અને જાપાન વચ્ચે છેલ્લા બે વર્ષથી લડાઈ ચાલતી હતી. આ લડાઈમા બને દેશના બાળકો, વિદ્યાર્થીઓ, યુવાનો વૃદ્ધો પોતાના દેશની કઈ રીતે સેવા કરી શકે, ઉપયોગી થઈ શકે એવુ વિચારતા અને કેટલાક તો દેશસેવા માટે નાના–મોટાનુ ભાન ભૂલી, સેવાની ધૂનમા જાતની પરવા કર્યા વિના લાગી પડતા.

ચીનના શાગહાઈ શહેરમા એક છોકરો હાથમા છાપા લઈ બૂમો પાડી રહ્યો હતો, ‘‘સગ્રામ સમાચાર, સગ્રામ સમાચાર.’’ જે છાપામા લડાઈની નાની–મોટી વાતો છપાયેલ હતી. પોતાના છાપા વેચાઈ જાય તે માટે છોકરો વહેલો વહેલો અધારમા જ વહેલી સવારે છાપા વેચવા નીકળી જતો.

લોકો તો હજી મીઠી ઊંઘમા હતા, પક્ષીઓ જાગી કલશોર કરી રહ્યા હતા. એવા સમયે પેલો



છોકરો ‘સગ્રામ સમાચાર’ની બૂમો પાડતો લત્તે લત્તે, ગલીઓમા ઘૂમી રહ્યો હતો.

‘‘એ છોકરા અહીં આવ.’’ એક મોટી કહી શકાય એવી હવેલીના ઓટલે ઊભેલા એક માણસે છોકરાને બૂમ મારો.

‘‘આવ્યો સાહેબ.’’ બોલતો છોકરો હવેલી તરફ દોડી ગયો, ને એક છાપુ તેમને આપ્યુ. શેઠે પૈસા આપ્યા ને પૈસા લઈને જવા જતા છોકરા સામે જોઈ શેઠ બોલી ઊઠયા, ‘‘અરે તુ ?.....તમે.....? શેઠ આશ્ચર્ય પામી બોલ્યા.

‘‘જી.’’ છોકરાએ માથુ નમાવી એકાક્ષરી જવાબ આપ્યો.

‘‘પણ તમે છાપા વેચવાનુ કામ કેમ કરો છો ?’’ શેઠે ફરી પૂછ્યય.

‘‘હુ દેશરક્ષા ફડમા ફાળો આપવા ઈચ્છુ છુ એટલે છાપા વેચુ છ.’’ છોકરાએ સ્વાભાવિકતાથી સસ્મિત જવાબ આપ્યો.

‘‘અરે ભાઈ ! ઘરમા ક્યા ખોટ છે કે તમારે છાપા વેચવા પડે ?’’ શેઠે નવાઈ પામી પૂછ્યય.

‘‘શેઠ સાહેબ, તમારી વાત સાચી છે. ઘરમા ધનભડાર ભર્યાં છે, પણ એ મારે શા કામના ! એ તો બાપકમાઈના ભડાર છે. એમાથી હુ ધારુ તેટલુ ધન દેશ માટે આપી શકુ તેમ છુ. પણ એમા મારો શોભા શુ ? મારે તો આપકમાઈનુ દાન દેશરક્ષા ફડમા આપવુ છે.’’

છોકરાની વાત સાભળી શેઠ અવાક બની ગયા. તેમની આખમાથી હર્ષના આસુ ખરી પડયા. તેમના મોમાથી શબ્દ નીકળ્યો, ‘‘શાબાશ.’’

એ છોકરો કોણ હતો ?

એ છોકરો હતો ચીનના બહાદુર યુદ્ધનાયક ને મહાપુરુષ ચ્યાગ–કાઈ–શેઠનો છોકરો.

■